For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરતની અનેક ઐતિહાસિક ક્ષણનું સાક્ષી સાત દાયકા જૂનું રંગઉપવન આજે વેરાન...



■ જ્યારે ગુજરાત રાજ્યનો પણ જન્મ થયો નહોતો તે પહેલા સને 1955માં સુરત સુધરાઈ દ્વારા રંગ ઉપવનને બનાવવામાં આવ્યું હતું. આ રંગઉપવન એટલા માટે પણ ઐતિહાસિક છે કે તેનું ઉદ્દઘાટન તા.30મી ઓક્ટોબરના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમયે રંગઉપવન સુરતનું એકમાત્ર ઓપન એર થિયેટર હતું. જે ચં.ચી.મહેતા નાટ્યગૃહ તરીકે શરૂ થયું હતું. બાદમાં તો રંગઉપવનમાં અનેક નાટકો અને રાસ-ગરબાની સ્પર્ધાઓ થઈ. સુરતમાં બાદમાં ગાંધીસ્મૃતિ ભવન અને ત્યારબાદ અને ઓડિટોરિયમ બન્યા અને રંગઉપવનનો ઉપયોગ ઘટતો ચાલ્યો. છેલ્લે સ્કૂલ અને કોલેજના કાર્યક્રમો માટે તેનો ઉપયોગ થતો હતો. એક સમયે ઓપન એર રંગઉપવનને બાદમાં સ્ટીલ સ્ટ્રક્ચરથી ઢાંકવામાં પણ આવ્યું હતું. જેમાં 1400 લોકો એકસાથે બેસી શકતા હતા. જોકે, હાલમાં મેટ્રો રેલની કામગીરીને કારણે રંગ ઉપવનની બેઠકોને તોડી નાખવામાં આવી છે. સ્ટેજ હયાત છે પરંતુ રંગઉપવન હવે વેરાન થઈ ગયું છે. મેટ્રો રેલ શરૂ થયા બાદ તેનું રિનોવેશન જરૂરથી કરાશે પરંતુ તેનું મૂળ સ્વરૂપ નહીં આવે તે નક્કી છે. (તસવીર : હેમંત ડેરે)

## ચીનમાં ડીલ કરવા ગયા હોવાની માહિતી મેળવી હીરાના વેપારી અને તેના ભાઈને ગઠિયાઓએ ફસાવ્યા

# ચીન, મુંબઈ, સુરતમાં ડિજિટલ એરેસ્ટ રાખી 60 લાખ પડાવ્યા

**બંને** ભાઈઓને પહેલા ચીનમાં ડિજિટલ એરેસ્ટ કર્યા, બાદમાં વેપારીને મુંબઈ બોલાવી ત્યાં હોટલમાં ડિજિટલ એરેસ્ટ કરાયો

**મુંબઈમાં** ચીનમાં ડીલની વિગતો મેળવી આરબીઆઈમાં વેરિફિકેશનના નામે 60 લાખ માંગ્યા, એકને ચીનમાં જ ડિજિટલ એરેસ્ટ રાખ્યો

**સાયબર** ગઠિયાઓએ 60 લાખ પરત મળશે તેવું પણ જણાવ્યું પરંતુ સુરતથી નાણાં મળ્યા બાદ ફોન બંધ કરી દીધા




**સુરતઃ** ઉત્રાણના હીરા વેપારી અને તેમના ભાઈ હીરાના વેપાર માટે ચીન ગયા હતા. જ્યાં તેમને પાર્સલમાં 5 પાસપોર્ટ, ડ્રગ્સ અને ક્રેડિટ કાર્ડ હોવાનું કહી સાયબર ક્રાઈમ મુંબઈ નામે ડિજિટલ એરેસ્ટ કર્યા

...અનુસંધાન પાના 6 પર

### પહેલા ગઠિયાઓએ જલન પાસે આરબીઆઈમાં વેરિફિકેશનના નામે 14 હજાર ટ્રાન્સફર કરાવ્યા

30મીના રોજ ઠગોએ જલનને દબાણ કરી તાત્કાલિક ભારત બોલાવ્યો હતો. મુંબઈ એરપોર્ટ પર આવતા જલને ફરી સુનિલ દુબેને પોતે મુંબઈ આવી ગયો હોવાની જાણ કરી હતી. સુનિલ દુબેએ જલનને મુંબઈમાં એક હોટેલમાં રોકાવવા કહ્યું અને બાદમાં તેની ઉચ્ચ અધિકારી બાલસિંગ રાજપુત સાથે વાત કરાવી હતી. જેથી તેણે પણ જલનને મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાનું કહી RBIમાં વેરિફાઈ કરવા વેરિફિકેશનના નામે પહેલા રૂ. 14 હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. જે રકમ તેને પરત આપવાનું કહી વિશ્વમાં લીધો હતો. બાદમાં તેણે ચીનમાં તમે કેટલાના હીરાની ડીલ કરી છે તે પૂછતા તેણે જૈમિશ સાથે વાત કરવાનું કહેતા તેને પણ વિડીયો કોલ કરી 60 લાખમાં થયેલી ડીલની માહિતી મેળવી લીધી હતી.

### નૈનેશે પોતાના મામા પાસેથી 60 લાખ લઈ ટ્રાન્સફર કર્યા, પૈસા પરત નહીં આવતા ઠગાઈનું માલુમ પડ્યું

આ ડીલ મામલે સુનીલ દુબે અને બાલસિંગ રાજપૂતે આ ડીલના પૈસા તમારે RBI માં વેરિફાઇ કરાવવા પડશે તેમ કહી ડરાવ્યા હતા. જેથી જલને આ માટે પૈસાની સગવડ કરવા સુરત જવાનું કહેતા તેઓ તેને સુરત જવા પરમિશન આપી હતી. જે બાદ જૈમિશ અને જલને જૈમિશના મામા પાસેથી મદદ માંગતા તેમણે 60

...અનુસંધાન પાના 6 પર

### સોમવારે સાયબર ક્રાઈમની કુલ 8 ફરિયાદમાં 71.21 લાખની ઠગાઇ

સોમવારે ઓપરેશન મ્યુલ અંતર્ગત સાયબર ક્રાઇની 71 .21 લાખની વધુ આઠ ફરિયાદ નોધાઇ છે. જેમાં વેપારીને ડિજિટલ એરેસ્ટ કરી 60.14 લાખની ઠગાઇ ઉપરાંત સરથાણા પોલીસમાં કોન્ટ્રાક્ટરને ઓનલાઇન રેડીમિક્સ કોંક્રિટ આપવાના બહાને 1.31 લાખ, પુણા પોલીસમાં મહિલા સાથે 1.78 લાખ, ડીંડોલી પોલીસમાં સામાજીક કાર્યકર સાથે રૂ.30,000, સચિન પોલીસમાં મહિલા સાથે રૂ.1.20 લાખ, ભેસ્તાન પોલીસમાં સિંધુ યુવક સાથે રૂ.72,000, સચિન જીઆઇડીસી પોલીસમાં નિરજ સાથે રૂ.72,500 તથા સાયબર ક્રાઇમમાં વિદ્યાર્થી સાથે ઇ ચલણના નામે રૂ.5,02 લાખની ઠગાઇ થઇ છે.

# લવ જેહાદના આક્ષેપ સાથે ABVP કાર્યકરોએ યુવકને જાહેરમાં માર્યો

**વાળ** ખેંચી, મુક્કા અને લાતો મારી, યુવક બે હાથ જોડી માફી માંગતો રહ્યો પરંતુ ખાસ્સી ધોલાઈ કરી નાંખી

**ટ્રાફિક** પોલીસના જવાનો ખેલ જોતા રહ્યા, વિડીયો વાયરલ થતાં હોબાળો, પોલીસે તપાસ શરૂ કરી

સુરતઃ અઠવાલાઈન્સ વિસ્તારમાં રવિવારે ‘લવ જેહાદ’ના આક્ષેપને લઈને સર્જાયેલ હાઈવોલ્ટેજ ડ્રામાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકરોએ એક યુવકને

...અનુસંધાન પાના 6 પર

### યુવક એક કાર્યકરની બહેનને પરેશાન કરતો હતો, ઘણું સમજાવ્યો પણ માન્યો નહીં: ABVP

ABVPના જોઈન્ટ સેક્રેટરી શુભમસિંહ રાજપૂતે પોતાનો પક્ષ રજૂ કરતાં જણાવ્યું હતું કે, યુવક લાંબા સમયથી એક કોલેજ વિદ્યાર્થિનીને પરેશાન કરતો હતો અને તેનો પીછો કરતો હતો. આ વિદ્યાર્થિની ABVPના જ એક કાર્યકરની બહેન હોવાનું તેમણે જણાવ્યું છે. અનેક વખત ચેતવણી આપવા છતાં યુવક નહીં માનતા, રવિવારે અઠવાલાઈન્સ વિસ્તારમાં તેને સમજાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ વાત વણસી ગઈ અને મામલો મારામારી સુધી પહોંચ્યો.

### ફરિયાદ આવી નથી, વિડીયોના આધારે તપાસ શરૂ કરી છે: ઉમરા પોલીસ

આ સમગ્ર મામલે ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, હજુ સુધી કોઈપણ પક્ષ તરફથી સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જો કે, વાયરલ વીડિયોના આધારે ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, ABVPના કાર્યકરોએ જણાવ્યું છે કે, બહેન-દીકરીઓની સુરક્ષા માટે તેઓ સક્રિય રહેશે અને જો પોલીસ તરફથી કડક કાર્યવાહી નહીં થાય તો યુવા સંગઠનોએ આગળ આવવું પડે છે.

# પશ્ચિમ એક્સ.માં ચા મુદ્દે મારામારી, અંકલેશ્વરમાં ટ્રેન અટકી ગઈ

**પેન્ટ્રીકાર** કર્મચારી અને પ્રવાસી વચ્ચે બોલાચાલી બાદ મારામારી, પોલીસની દખલથી મામલો શાંત પડ્યો

સુરતઃ અમૃતસરથી મુંબઈ સેન્ટ્રલ જઈ રહેલી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં 10.30 વાગ્યે ચા આપવા બાબતે મારામારી થતાં ટ્રેન થંભી ગઈ હતી. બાદ પોલીસની એન્ટ્રીથી મામલો થાળે પડ્યો હતો.

ટ્રેનના એક કોચમાં ત્રણ વ્યક્તિ બેઠી હતી, જેમાંથી એક મુસાફરે પેન્ટ્રીકારના કર્મચારીને એક ચા આપવા માટે જણાવ્યું હતું. પરંતુ પેન્ટ્રીકાર કર્મચારી ત્રણેય મુસાફરો માટે એકસાથે ત્રણ ચા લાવતાં બંને પક્ષ વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વાતચીતનો વિવાદ થોડા જ સમયમાં ઝઘડા અને બાદમાં મારામારીમાં ફેરવાઈ ગયો હતો. આ ઘટનાને પગલે કોચમાં હાજર અન્ય મુસાફરોમાં પણ અફરાતફરી મચી ગઈ હતી. ઝઘડાની જાણ થતાં જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરવામાં આવ્યો હતો. પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ટ્રેનમાં પહોંચ્યા અને બંને પક્ષને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. પરિસ્થિતિ નિયંત્રણમાં આવ્યા બાદ કોઈ ગંભીર ઈજા ન થતાં વધુ કાર્યવાહી વગર ટ્રેનને આગળની મુસાફરી માટે રવાના કરવામાં આવી હતી. આ ઘટનાથી થોડીવાર માટે ટ્રેનમાં

...અનુસંધાન પાના 6 પર

# ઈડલી ઢોસાની દુકાનના કર્મીએ ગાય સાથે દુષ્કર્મ કર્યું

**મોડી** રાત્રે ચોસઠ જોગણી માતા મંદિર પાસેની ગૌશાળામાં ગાયના બે પગ બાંધી દુષ્કર્મ કરતાં પાડોશી જોઈ જતાં ભાંડો ફૂટ્યો

સુરતઃ અડાજણ ચોસઠ જોગણી માતા મંદિર પાસેના ગૌશાળામાં ગાય સાથે દુષ્કર્મ કરી ક્રૂર વર્તન કરતા એક વ્યક્તિને સ્થાનિક રહીશો અને પોલીસે પકડી લીધો હતો. આ ઘટના શહેરમાં ચર્ચાનો વિષય બની છે અને પશુપાલકોમાં રોષની લાગણી ફેલાઈ છે. પોલીસ પાસે મળતી માહિતી મુજબ બળદેવભાઈ ધનજીભાઈ રાવળ (ઉં.વ.૫૫) મંદિરમાં ગૌસેવા કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૧૩ ડિસેમ્બર-૨૦૨૫ની રાત્રે આશરે

...અનુસંધાન પાના 6 પર

### મોબાઈલમાંથી અઢળક બીભત્સ ક્લિપ મળી આવી

બ્રિજમોહન પરિણીત છે અને મૂળ બિહારનો વતની છે. તેની એક દીકરી પણ છે. પરિવાર આખું વતનમાં રહે છે. રાત્રે એકલો સૂતો હોય ત્યારે તે બીભત્સ ક્લિપ જોતો હતો. જેથી તે આવેશમાં આવી આવું કૃત્ય તેણે પહેલી વખત કર્યું હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી છે. પોલીસે તેની પાસેથી જપ્ત કરેલા મોબાઈલમાંથી અઢળક બીભત્સ ક્લિપ્સ મળી આવી હતી.


આઠમી માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ (ભીમરાડ ગામ)
સ્વ તા. ૧૬-૦૪-૨૦૨૫

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં. આપનું ઉદાર દિલ, પરોપકાર જીવન, સમાજ પ્રત્યેનો માયાળુ સ્વભાવ અવિસ્મરણીય રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના...

લિ. મોહનભાઈ ભાણાભાઈ પટેલ

| | |
|---|---|
| સ્વ. ચીમનભાઈ ભાણાભાઈ પટેલ | ગં.સ્વ.પાર્વતીબેન ચીમનભાઈ પટેલ |
| હસમુખભાઈ ભાણાભાઈ પટેલ | સુશીલાબેન હસમુખભાઈ પટેલ |
| ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ | જૈકોરબેન ઈશ્વરભાઈ પટેલ |
| મુકેશભાઈ મોહનભાઈ પટેલ | મમતાબેન મુકેશભાઈ પટેલ |
| નરેશભાઈ મોહનભાઈ પટેલ | બિનીતાબેન નરેશભાઈ પટેલ |
| બંકિમભાઈ ચીમનભાઈ પટેલ | રૂપલબેન બંકિમભાઈ પટેલ |
| જીતેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ | કિર્તીબેન જીતેન્દ્રભાઈ પટેલ |
| પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ | અંકિતાબેન પ્રકાશભાઈ પટેલ |
| ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ | પ્રિયંકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ |
| ગૌતમભાઈ ઈશ્વરભાઈ પટેલ | આશિતાબેન ગૌતમભાઈ પટેલ |

શ્રીનલ, પ્રિત, મિરેન, સેન, ક્રિશ, કુશ, ભવ્ય, પંથ, હૃદય, ફેની, રીંકલ, યક્ષિતા, ક્રિસ્ટીના, પલ, કેયા, દિપલ

દુઃખદ અવસાન - બેસણું



સ્વ.નટવરભાઈ મોરારભાઈ પટેલ
સ્વ. તા. ૧૫/૧૨/૨૦૨૫

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ સ્વ.નટવરભાઈ મોરારભાઈ પટેલ નું તા. ૧૫/૧૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.જેમનું બેસણું તા. ૧૭/૧૨/૨૦૨૫ ને બુધવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ: નવાપરા, મુ. પો. બરબોધન, તા. ઓલપાડ, જી. સુરત

લિ.
ગં.સ્વ.મંજુલાબેન નટવરભાઈ પટેલ (પત્ની)
સ્વ.ઉમેદભાઈ મોરારભાઈ પટેલ (ભાઈ) - ગં.સ્વ.હંસાબેન ઉમેદભાઈ પટેલ(ભાભી)
હિતેશકુમાર ઉમેદભાઈ પટેલ(ભત્રીજા) - રસીલાબેન હિતેશભાઈ પટેલ (ભત્રીજાવહુ)
સેજલબેન હરીશભાઈ પટેલ(ભત્રીજી) - હરીશભાઈ સોમાભાઈ પટેલ (જમાઈ)
પાર્વતીબેન પ્રફુલભાઈ પટેલ (પુત્રી) - પ્રફુલભાઈ જીવણભાઈ પટેલ(જમાઈ)
તથા સમસ્ત પરિવાર
ૐ શાંતિ ! ૐ શાંતિ ! ૐ શાંતિ !

હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી મનસુખભાઈ દાળવાલા
દેહાવસાન તા. ૧૫-૧૨-૨૦૨૫

શ્રી મનસુખભાઈ દાળવાલા જિલ્લા ન્યાયાલય માંથી રજીસ્ટર તરીકે વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા બાદ સુરત જિલ્લા ગ્રાહક ફોરમમાં સચિવ તરીકે કેટલાક વર્ષો નિષ્ઠાપૂર્વક કામ કર્યા બાદ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી તેઓ અમારી તીર્થયાત્રાઓ/ધાર્મિક અનુષ્ઠાનો તેમજ ગ્રાહક જાગૃતિના કાર્યક્રમોના આયોજનોમાં સક્રિય પણે જોડાયેલા રહેતા હતા.
તેઓ નખશીખ સજ્જન, સેવાભાવી અને સંનિષ્ઠ વ્યકિત હતા તેમના અવસાનના સમાચાર જાણી ખૂબ દુઃખ થયું છે. પ્રભુ તેમના આત્માને ચીર શાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે તેવી અભ્યર્થના.

શ્રેયસ દેસાઈ (એડવોકેટ)
દીપ્તિ દેસાઈ
પ્રાચી અર્પિત દેસાઈ (એડવોકેટ)
ઈશાન દેસાઈ (એડવોકેટ)

સુરતી ક્ષત્રિય દુ:ખદ અવસાન - બેસણું



સ્વ. ગં.સ્વ. વસુમતીબેન નરેન્દ્રભાઈ ખરવર
સ્વ.તા. ૧૫-૧૨-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી વસુમતીબેન નરેન્દ્રભાઈ ખરવર નું દુઃખદ અવસાન તારીખ ૧૫-૧૨-૨૦૨૫ ને સોમવાર ના રોજ થયેલ છે.

:: સદ્ગત નું બેસણું ::
તારીખ ૧૬-૧૨-૨૦૨૫ મંગળવાર ના રોજ
સવારે : ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે નિર્ધારિત સ્થળે રાખવામાં આવેલ છે.
સ્થળ : ઘમણવાલા એ.સી. હોલ, સિંગાપુરી ની વાડી, રૂસ્તમપુરા, સુરત.

લિ. શોકાતુર,

| | |
|---|---|
| રામકિષ્ણ નરેન્દ્રભાઈ ખરવર (પુત્ર) | વિભા રામકિષ્ણ ખરવર (પુત્રવધુ) |
| દેવ રામકિષ્ણ ખરવર (પૌત્ર) | બીનલ રામકિષ્ણ ખરવર (પૌત્રી) |
| કવિતા વિમલકુમાર કાચીવાલા (પુત્રી) | ચૈતાલી ધર્મેશકુમાર જરીવાલા (પુત્રી) |

તથા સમસ્ત ખરવર પરિવાર

ચરોતરીયા લેઉવા પાટીદાર અવસાન - સંયુક્ત બેસણું



સ્વ. લલીતાબેન ગોવિંદભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૧૨/૨૦૨૫, રવિવાર

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન માતાશ્રી લલીતાબેન ગોવિંદભાઈ પટેલનું તા. ૧૪/૧૨/૨૦૨૫ રવિવાર તિથિ માગસર વદ દશમના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ("દેહદાન" કરવામાં આવેલ છે.)

: સંયુકત બેસણું :
તા.૧૭/૧૨/૨૦૨૫ બુધવારના રોજ સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.

લિ. સ્વ. ગોવિંદભાઈ ઠાકોરભાઈ પટેલ

| | |
|---|---|
| રમણભાઈ ગોવિંદભાઈ પટેલ | ભદ્રીકાબેન રમણભાઈ પટેલ |
| જીગનેશભાઈ રમણભાઈ પટેલ | કેયુરીબેન જીગનેશભાઈ પટેલ |
| દિવ્યેશભાઈ રમણભાઈ પટેલ | હીનાબેન દિવ્યેશભાઈ પટેલ |

સેજલબેન ધર્મેશભાઈ પટેલ
માનવ, જાનવી, પલક, ઓમ, મંથન, હર્ષિલ, ક્રીશ તથા સમસ્ત વનમાળી પરિવાર..

પિયર પક્ષ: શુકકરભાઈ નાથુભાઈ પટેલ (સીમળ ગામ)
ભાવેશભાઈ શુકકરભાઈ પટેલ

નિવાસ સ્થાન : આશિર્વાદ બંગલો, પટેલ ફળીયું, રાધા કૃષ્ણ મંદિરની સામે, પીપલોદ ગામ, સુરત.

આઠમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

ૐ જય પરમાત્મા




સ્વ. જયવદન કેશવકાન્ત ગ્રામણી
સ્વ. તા. ૧૬/૧૨/૨૦૧૭

'જય પરમાત્મા પ્રભુ'... કહીને આપવુ એ જ આપનો જીવન મંત્ર હતો. કાર્યો સદાય એવા કર્યા કે, હૃદયમાં સદાય ગુંજ્યા કરે. દુઃખથી કદી ડગ્યા નહીં. વ્યવહાર કદી ચૂક્યાં નહી. સુખદુઃખમાં સદાય હસતા રહ્યા. જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે. ભક્તિ તમે કરી પુણ્ય અમ સૌને મળ્યા. સંઘર્ષ તમે કર્યા, સુખ અમ સૌને આપ્યું. કર્મ તમે કર્યા. ફળ અમ સૌને આપ્યા. આજે પણ અમારા હૃદયમાં તમારા મધુર સ્મરણો અંકિત છે. અમારા જીવનનું ઘડતર કરી ઉજવળ ભવિષ્ય આપ્યું. આપના સંસ્કારો તથા પુરુષાર્થ થકી અમો સફળતા પામ્યા. આપના આશીર્વાદથી અમો સદાય પ્રગતિ કરતા રહીશું. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ તેમજ મોક્ષ આપે એ જ સૌની અંતરથી પ્રાર્થના.
પપ્પા - પ્રેમ,આદર અને સ્વભાવ ખુશીઓની ચાવી છે. તામારી સાથે અમારો સંબંધ એ એક દિવસ નહીં, આખા જીવનની પુંજી છે.

લિ.
ગં.સ્વ. શાંતાબેન જયવદન ગ્રામણી (પત્ની)
અનુપમા જયવદન ગ્રામણી (પુત્રી) અનુરાધા જયવદન ગ્રામણી (પુત્રી)
નિતેશ જયવદન ગ્રામણી (પુત્ર) સેજલ નિતેશ ગ્રામણી (પુત્રવધુ)
ડો. નિમિષા દિનેશ ગામીત (પુત્રી) દિનેશ રામભાઈ ગામીત (જમાઈ)
સ્વ. નિલેશ જયવદન ગ્રામણી (પુત્ર) ગં.સ્વ. વિપાપોન (પુઈ) નિલેશ ગ્રામણી (પુત્રવધુ)
દેવાંશ્રી, દિવા તથા સમસ્ત ગ્રામણી પરિવાર

સ્થળ : બિલ્ડીંગ નં. ૭, ફ્લેટ નં. ૫-૬, મહાવીરનગર કો.ઓ. સોસાયટી, ગાયત્રી મંદિરની પાસે, ઉધના મગદલ્લા રોડ, અલથાણ, સુરત-૧૭.

:: સદ્ગતનું બેસણું ::



સ્વ. પરસોત્તમભાઇ નરસિંહભાઇ દેલાડીયા
સ્વ. તા. ૧૪-૧૨-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પિતાશ્રી પરસોત્તમભાઇ નરસિંહભાઇ દેલાડીયાનું તા. ૧૪-૧૨-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૬-૧૨-૨૦૨૫ના રોજ મંગળવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

લિ. શોકાતુર

| | |
|---|---|
| મયુર પરસોત્તમભાઇ દેલાડીયા (પુત્ર) | ધર્મેશ રેવાશંકર દેલાડીયા (ભત્રીજો) |
| ચેતન પરસોત્તમભાઇ દેલાડીયા (પુત્ર) | વત્સલ એમ. દેલાડીયા (પૌત્ર) |
| બકુલ પરસોત્તમભાઇ દેલાડીયા (પુત્ર) | પલ સી. દેલાડીયા (પૌત્ર) |

નરેન્દ્ર ગોવિંદભાઇ પરીચાવાલા (જમાઇ)

| ફર્મ :- | નિવાસસ્થાન :- |
|---|---|
| મયુર ઇલેક્ટ્રીક વર્કસ | ૬૪-૬૫ સારસ્વત નગર સોસાયટી, |
| એમ. પી. ઇન્ફ્રા પ્રોજેક્ટસ પ્રા.લિ. | ભાગ્યલક્ષ્મી સોસાયટીની પાસે, |
| પ્રભા કન્સ્ટ્રકશન | લેક્યુ રોડ, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭ |

Mob.: 9825123456 - 9979200044

શ્રદ્ધાંજલિ



સ્વ. જિગીષાબેન પ્રકાશભાઈ ગાયકવાડ
સ્વ.તા.૧૦-૧૨-૨૦૨૫

અકાળે પરમધામ પામેલ અમારી વિદ્યાર્થીની જિગીષાબેન પ્રકાશભાઈ ગાયકવાડ ને હૃદય પૂર્વક શ્રધ્ધાંજલિ. ભગવાનશ્રી સ્વામીનારાયણ તેમની આત્માને ચિર શાંતિ આપે અને આ દુ:ખની ઘડી માં માતા-પિતા તથા પરિવાર જનોને અપાર ધૈર્ય અને શક્તિ પ્રદાન કરે. પ્રભુ તેમના ચરણોમાં આ આત્માને સ્થાન આપે અને સદગતિ આપે તેવી પ્રાર્થના.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

લિ.
શ્રી નારાયણ મુનીદેવ નર્સીંગ કોલેજ, કડોદરા.
ઇન્ચાર્જ પ્રીન્સીપલ, સ્ટાફ તેમજ મેનેજમેન્ટ તથા ટ્રસ્ટી મંડળ કડોદરા

૧૨મી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. નિષ્ઠા નરેશભાઈ પટેલ
સ્વ.તા.૧૬-૧૨-૨૦૧૩

અમારી જિંદગી બની આવી તું, દિલની ધડકન બની જીવી તું,
જ્યારે દુનિયા છોડી ચાલી તું, અશ્રુમાં તસ્વીર બની વહી તું,
તારું સંભારણું પૂંજી અમારી, તારું નવજીવન પ્રાર્થના અમારી.
તું આત્મા સ્વરૂપે જ્યાં હોય ત્યાં પ્રભુ
તારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

મમ્મી, પપ્પા, ભાઈ, દીદી, સ્પૃહા (ભાણેજ), સ્વ. દાદા-સ્વ. દાદી, નાની-સ્વ. નાના

પાંચમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. દયાળભાઇ ગોવિંદભાઇ આહીર
સ્વ. તા. ૧૬-૧૨-૨૦૨૦

મનુષ્ય જન્મથી નહીં પણ, કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ યાદગાર બને છે. સાથ ભલે છોડયો પણ તમારી ખોટ કદીયે પુરાશે નહીં, તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ, ઉદાર પરોપકારી વૃત્તિ, કૌટુંબિક ભાવના હરહંમેશા યાદ રહેશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.

લિ. ગં.સ્વ. સુખીબેન દિયાળભાઈ આહિર
મુકેશભાઈ દિયાળભાઈ આહિર
હેતલબેન મુકેશભાઈ આહિર
જગદીશભાઈ દિયાળભાઈ આહિર
ઉર્વશીબેન જગદીશભાઈ આહિર
તનય, હનિ, દિયા, ધાર્મિ
દેરાખાડી, મુ. કામરેજ, જી. સુરત

બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અલ્પેશ ઠાકોરભાઈ પટેલ
સ્વ.તા.૧૬/૧૨/૨૦૨૩

અંજલિ આપતા હૈયુ તુટે છે.
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
કુદરતના ખજાને ખોટ પડે છે.
ત્યારે ધરતીના પુષ્પો ચૂટે છે.
તમારી અણધારી વિદાય કાળજુ કંપાવી ગઈ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે.

લિ. શોકાતુર
ઠાકોરભાઈ રવજીભાઈ પટેલ (પિતા)
હિયાન અલ્પેશ પટેલ(પૌત્ર)
તથા સમસ્ત પરિવાર